# ગાયત્રીના ૨૪ અક્ષર જ્ઞાન-વિજ્ઞાનનો સમૂહ

ગાયત્રીના ચોવીસ અક્ષરોમાં
જ્ઞાન-વિજ્ઞાનનો મહાન ભંડાર સમાયેલો છે.
તેના એક-એક અક્ષરમાં એટલું દાર્શનિક
તત્વજ્ઞાન રહેલું છે કે
જેને શોધવું ખૂબ જ અઘરું છે.
આધ્યાત્મિક અને ભૌતિક બધા જ પ્રકારનું
જ્ઞાન-વિજ્ઞાન તેના ગર્ભમાં રહેલું છે,
મનુષ્યને થોડી પણ ખબર પડે તો તે જે
ઇચ્છે તે બધી જ અપેક્ષિત વસ્તુઓ
તેમાંથી મેળવી શકે છે.




અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

## શકિતના સ્ત્રોત ચોવીસ અક્ષર

ગાયત્રીના ચોવીસ અક્ષરોમાં જ્ઞાન-વિજ્ઞાનનો મહાન ભંડાર સમાયેલો છે. તેના એક-એક અક્ષરમાં એટલું દાર્શનિક તત્વજ્ઞાન રહેલું છે કે જેને શોધવું ખૂબ જ અઘરું છે. આધ્યાત્મિક અને ભૌતિક બધા જ પ્રકારનું જ્ઞાન-વિજ્ઞાન તેના ગર્ભમાં રહેલું છે, મનુષ્યને થોડી પણ ખબર પડે તો તે જે ઇચ્છે તે બધી જ અપેક્ષિત વસ્તુઓ તેમાંથી મેળવી શકે છે.

ગાયત્રી મંત્રના એક-એક અક્ષરનો, એક- એક શબ્દનો શો અર્થ થાય અને તેનો ભાવ, રહસ્ય અને સંદેશ શો છે તે જાણવા માટે મનુષ્યનું એક જીવન પણ પૂરતું નથી. ગાયત્રીના ૨૪ અક્ષર જ્ઞાન-વિજ્ઞાનનો ૨૪ સમૂહ છે, તેને પાર કરવા તે સાધારણ કામ નથી. છતાં પણ તેનો ટૂંકમાં વાચકોને પરિચય  થાય તે ઉદ્દેશથી આ પુસ્તિકા લખવામાં આવી છે.

ભૂઃ ભુવ અને સ્વઃ આ ત્રણ લોક છે. આ ત્રણેય લોકોમાં ઑઽમ્ સમાયેલ છે. જે બુદ્ધિશાળી છે તે બ્રહ્મને જાણે છે તે વાસ્તવમાં જ્ઞાની છે.

ભૂઃ પૃથ્વી ભુવ પાતાળ, સ્વઃ સ્વર્ગ, આ ત્રણેય લોકમાં પરમાત્મા વસે છે. ભૂઃ શરીર, ભુવ સંસાર, સ્વઃ આત્મા આ ત્રણેય ઈશ્વરના ક્રીડાસ્થાન છે. આ બધાં જ સ્થળોને, અર્થાત્ અખિલ વિશ્વ બ્રહ્માંડને ભગવાનનું વિરાટ સ્વરૂપ સમજીને ત્યાં જ આધ્યાત્મિક ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.

પરમાત્માને સર્વત્ર, સર્વવ્યાપક, સર્વેશ્વર, સર્વ આત્માને જોવા વાળા મનુષ્યો માયા, મોહ, મમતા, સંકટ, અનુદારતા, કુવિચાર અને કુકર્મોની અગ્નિના દાઝતા બચે છે અને હંમેશા પરમાત્માના દર્શન કરવાના પરમાનંદ સુખમાં ડૂબેલા રહે છે.

ૐ, ભૂઃ, ભુવ સ્વઃ નું તત્વજ્ઞાન સમજી લેનાર એક પ્રકારે જીવનથી મુક્ત થઈ જાય છે.

બ્રાહ્મણ તે છે કે જે તત્વને, વાસ્તવિકતાને અને પરિણામને જુએ છે. જેમણે પોતાના ભાષા, સાહિત્ય, શિલ્પકલા, વિજ્ઞાનના શિક્ષણને પેટ ભરવાનું સાધન માત્ર ન રાખતા જીવનના ઉદ્દેશો, આનંદ અને સફળતા પ્રાપ્ત કરવાની વિદ્યા પણ શીખી છે તેઓ બ્રાહ્મણ છે. શિક્ષિતો તો માખીઓ -મચ્છરોની જેમ ત્યાં ભરેલાં છે, પણ વિદ્વાન તો કોઈ વિરલા જ હોય છે. જે જ્ઞાની છે તે જ બ્રાહ્મણ છે.

ભગવાને જેને તત્વદર્શી અને જ્ઞાની બનાવવાની સુવિધા અને પ્રેરણા આપી છે, તે બ્રાહ્મણોએ પોતાની જવાબદારી નિભાવવી જોઇએ, કેમ કે તેઓ સૌથી વધુ ધનવાન છે. લોકો નકામું એમ માને છે કે ધન વધુ હોય તો તે સુખનું કારણ છે. સાચી વાત તો એ છે કે સદ્જ્ઞાન વિના કોઈ મનુષ્ય સુખશાંતિનું જીવન વિતાવી શકતો નથી, પછી ભલે તે કરોડો રૂપિયાનો સ્વામી ના હોય.

સદ્જ્ઞાનની અને બ્રહ્મજ્ઞાનવાળાં ધનિક બ્રાહ્મણોનો માન-મરતબો સૌથી વધુ હોય છે. આજે આ તુચ્છ જમાનામાં પણ ઈશ્વરની પૂજા કોઈને કોઈ સ્વરૂપે બ્રાહ્મણોના અનાધિકારી વંશજોને પણ પ્રાપ્ત થઈ છે.

બ્રાહ્મણત્વ દુનિયાનું સૌથી ઊંચું ધન છે. રત્નોનો ભંડાર, ઉત્તમ, કીમતી અને મજબૂત તિજોરીમાં રાખવામાં આવે છે. જે શરીર તપસ્વીનું છે. તેણે તપશ્ચર્યાની, સંયમની, સહનશીલતાની અગ્નિમાં તપાવીને તિજોરી જેવું મજબૂત ઘડ્યું હોય છે. તેમાં જે બ્રાહ્મણત્વ સચવાશે અને સ્થિર થશે. જે લોકો અસંયમી, ભોગી, સ્વાર્થી, તપ વગરના છે તેઓ પોતાનામાં બ્રાહ્મણત્વ ને સારી રીતે સુરક્ષિત અને સ્થિર રાખવા માટે અસમર્થ હોય છે. એટલા માટે બ્રાહ્મણે સદ્જ્ઞાનના ધનથી પોતાની જાતને તપસ્વી બનાવવી જોઇએ.

બ્રાહ્મને ભૂસુર કહેવામાં આવે છે. ભૂસુર એટલે પૃથ્વી પરનો દેવતા. દેવતા તે છે કે જે આપે છે. બ્રાહ્મણ સંસારના સર્વશ્રેષ્ઠ ધન અને સદ્જ્ઞાનનો માલિક હોય છે. તે જાણે છે કે જે ધન તેની પાસે અખૂટ ભંડારોમાં ભરેલું છે. તેના જ અભાવને કારણે સમગ્ર માનવજાત દુઃખી થઈ રહી છે. અજ્ઞાન અને અવિદ્યાથી મોટું કોઈ જ દુઃખનું કારણ નથી.

અવિદ્યા નાં અંધકારમાં ભટકતા લોકોને સાચો બ્રાહ્મણ પોતાના સદ્‌જ્ઞાનરૂપી ધનથી લાભ આપે છે. આ કર્તવ્ય જરૂરી અને અનિવાર્ય પણ છે. આ બ્રાહ્મણની સ્વાભાવિક જવાબદારી છે.

ગાયત્રીનો પ્રથમ શબ્દ "તત્"  બ્રાહ્મણત્વની આ મહાન જવાબદારી તરફ ઇશારો કરે છે જેનો આત્મા જેટલા અંશમાં તત્વજ્ઞાની, વિદ્વાન અને તપસ્વી છે તે તેટલા જ અંશમાં બ્રાહ્મણ છે. ક્ષત્રિયત્વ જ્યારે અનાધિકારીઓના હાથમાં જાય છે ત્યારે એનાથી તેમનામાં ગર્વ અને મદ વધી જાય છે. ગર્વને પોતાની મોટાઈ સમજી તેઓ તેનું રક્ષણ કરવા અનેક પ્રકારના બિનજરૂરી ખર્ચ અને ઢોંગ કરે છે. આવી સ્થિતિમાં તેના ક્ષત્રિયત્વ તેના આત્માને ઊંચે લઈ જવા અને તેજસ્વી મહાપુરુષો બનાવવાને બદલે અહંકારી, ઢોંગી, અત્યાચારી, વ્યસની અને દુરાચારી બનાવે છે.

ગાયત્રીનો "સ" અક્ષર કહે છે કે સત્તાવાનો તમને સત્તા એટલા માટે આપવામાં આવી છે કે શોષિતો અને નિર્બળોને હાથ પકડીને ઉઠાવો તેમને મદદ કરો અને જે ખરાબ લોકો તેઓને નિર્બળ સમજીને હેરાન કરે છે તેમને પોતાની શકિત થી હરાવો. ખરાબીઓ સામે લડવા અને સારાપણાને વધારવા માટે ઈશ્વર શકિત આપે છે, તેનો ઉપયોગ આ દિશામાં  થવો જોઇએ.

વિદ્યા અને સત્તાની માફક ધન પણ એક મહત્વપૂર્ણ શક્તિ છે, તેને પ્રાપ્ત કરવું એટલા માટે જરૂરી છે કે તેનાથી પોતાના તથા બીજાના યોગ્ય અભાવો પૂરા થઈ શકે. શરીર, મન, બુદ્ધિ તથા આત્માના વિકાસ માટે તથા વારસદાર ની જવાબદારીઓને પૂર્ણ કરવા માટે ધનનો ઉપયોગ થવો જોઇએ અને તે માટે તેની કમાણી કરવી જોઇએ.

કેટલાક મનુષ્યો ખૂબ જ પ્રમાણમાં ધન, પ્રાપ્ત કરવામાં પ્રતિષ્ઠા સમજે છે. જેમ બને તેમ, ધન કમાવાની ઇચ્છા પ્રબળ બને છે. એના માટે તેઓ ધર્મ-અધર્મ, યોગ્ય-અયોગ્ય વિચાર કરવાનું છોડી દે છે. ધન કમાવવામાં એટલા બધા વ્યસ્ત બની જાય છે કે સ્વાસ્થ્ય, મનોરંજન, સ્વાધ્યાય, આત્મ પ્રગતિ, લોકસેવા, ઈશ્વર સેવા જેવી ઉપયોગી દિશા ઓ વિમુખ બને છે. ધન પ્રાપ્ત કરવાની આ દૃષ્ટિ નિંદનીય છે.

મનુષ્યના જીવનમાં મુશ્કેલીઓ, કઠિનાઈઓ, ઊલટી પરિસ્થિતિઓ, નુકસાન અને દુઃખની પળો આવતી રહે છે. મનુષ્યે દુઃખમાં રડવું ન જોઇએ અને સુખસંપત્તિમાં અભિમાન ન કરવું. મુશ્કેલીના સમયમાં ચાર સાથી બને છે. : (૧) વિવેક, (૨). ધૈર્ય, (૩) સાહ્સ, (૪). પ્રયત્ન. આ ચારેયને બરાબર પકડી રાખવાથી ખરાબ દિવસો ધીરે ધીરે જતા રહે છે અને જ તે જતી વખતે કેટલાય અનુભવો, ગુણો, યોગ્યતાઓ અને શક્તિની ભેટ આપતાં જાય છે.

પરિશ્રમ, પ્રયત્ન અને કર્તવ્ય તે મનુષ્યના ગૌરવ અને વૈભવને વધારવાવાળા છે. આળસુ, ભાગ્ય વાદી, કર્મહીન, સંઘર્ષ થી ડરવાવાળા, અવ્યાવહારિક મનુષ્યો હંમેશા અસફળ થાય છે.

ગાયત્રી રસનો "તુ" શબ્દ આદેશ આપે છે કે પ્રયત્ન કરો, પરિશ્રમ કરો, કર્તવ્યના માર્ગ પર બહાદુરીથી ઊભા રહો, કેમ કે પરિશ્રમનો મહિમા અપાર છે.

જન સમુદાય બે ભાગમાં વહેંચાયેલો છે : (૧) નર, (૨). નારી, નરની પ્રગતિ સુવિધા અને રક્ષણ માટે ઘણાં પ્રયત્નો કરવામાં આવે છે પરંતુ નારી બધાં જ ક્ષેત્રોમાં પાછળ રહેલી છે. તેના ફળ રૂપે આપણો અડધો સમાજ, અડધું પરિવાર, અડધું જીવન પાછળ રહી જાય છે. આપણા દેશને, સમાજને, સમુદાય ને ત્યાં સુધી વિકસિત ના કહી શકીએ જયાં સુધી નારીને નરની જેમ તેમની કાર્યશીલતા ને પ્રતિભા પ્રગટ કરવાનો અવસર ના મળે.

ગાયત્રીનો "વ" શબ્દ કહે છે કે જો મનુષ્ય પોતાની જાતિનો પ્રગતિ જોવા ઇચ્છતો હોય તો તેણે પ્રથમ નારીને શારીરિક, બૌદ્ધિક, સામાજિક, આર્થિક ક્ષેત્રોમાં પ્રતિભાવાન અને વિકસિત બનાવવી જોઇએ. ત્યારે જ નર સમુદાયમાં સબળતા, સૂક્ષ્મતા, સદ્બુદ્ધિ, સદ્ ગુણો અને માનતા જેવા સંસ્કારોનો વિકાસ થઈ શકે છે.

સજ્જન પુરૂષે હંમેશા નર્મદા નદીની માફક પવિત્ર નારીની પૂજા કરવી જોઇએ, કેમ કે વિદ્વાનાએ તેને જ સંસારમાં સાક્ષાત્ લક્ષ્મી માની છે.

સ્ત્રી લક્ષ્મીનો અવતાર છે. જયાં નારી સારાં લક્ષણોવાળી, બુદ્ધિશાળી, સહયોગ દેનારી છે ત્યાં ગરીબી હોવા છતાં અમીરીનો આનંદ વરસે છે. ધનદોલત નિર્જીવ લક્ષ્મી છે, પરંતુ સ્ત્રી લક્ષ્મીજીની સજીવ પ્રતિમાં છે. યોગ્ય આદર અને સત્કાર કરીને તેની પ્રશંસા કરવી જોઇએ.

પરિસ્થિતિ અને દોષોના કારણે અથવા ખરાબ સોબતથી ક્યારેક તેનામાં વિકાર જન્મે પરંતુ આ કારણોને બદલીએ તો નારીનું હૃદય ફરીથી તેની શાશ્વત પવિત્રતા પ્રાપ્ત કરે છે.

ગાયત્રીનો શબ્દ "રે" નારીના સન્માનમાં વૃદ્ધિ ઇચ્છે છે કે જેથી દરેકને લક્ષ્મીનું શુભ વરદાન પ્રાપ્ત થાય.

જે મનુષ્યો કુદરતની આજ્ઞાનુસાર કદમ ઉપાડે છે એટલે કે કુદરતના કહ્યા પ્રમાણે ચાલે છે તે મનુષ્યો અસ્વસ્થ હોવા છતાં પણ રોગથી મુક્ત થાય છે.

સ્વાસ્થ્ય ને યોગ્ય રાખવાનો અને આગળ લઈ જવાનો ઉત્તમ માર્ગ કુદરતના કહ્યા અનુસાર ચાલવામાં કુદરતી આહાર-વિહાર અપનાવવામાં, કુદરતી જીવન પસાર કરવામાં છે. અકુદરતી, અસ્વાભાવિક, બનાવટી, આડંબર યુક્ત અને વિલાસવાળું જીવન વિતાવવાથી લોકો બીમાર થાય છે અને અકાળે મૃત્યુ પામે છે.

કુદરતી જીવન વિતાવવાથી ખોવાયેલું સ્વાસ્થ્ય પુનઃ પ્રાપ્ત કરવું અને જે સ્વાસ્થ્ય છે તે સુરક્ષિત અને વિકસિત બનાવવું સરળ છે. ગાયત્રીનો "ન્ય" શબ્દ આ ઉપદેશ આપે છે. આવેશનું વાવાઝોડું જે સમયે મનમાં આવે છે તે સમયે જ્ઞાન, વિચાર, વિવેક બધું જ ભૂલી જવાય છે અને તેથી માણસ બકવાસ કરે છે, ન કરવા જેવાં કામો કરે છે. આવી સ્થિતિ માનવ જીવનમાં સર્વથા અનિચ્છનીય છે.

દુઃખ પડવાથી લોકો ચિંતા, શોક, નિરાશા, ભય, ગભરાટ, ક્રોધ, કાયરતા, જેવા દુઃખદ આવેશોનો શિકાર બને છે અને ધન વધવાથી અહંકાર, મદ, ઈર્ષા, મત્સર, હર્ષ, અમર્યાદા, નાસ્તિક, ભોગી,  કલહ જેવી નકામી ઉત્તેજનાઓમાં ફસાય જાય છે.

એટલા માટે ગાયત્રીના "ભૂ" શબ્દનો અર્થ છે કે આ આવેશો અને ઉત્તેજનાઓથી બચો. દીર્ઘદૃષ્ટિ, વિવેક, શાંતિ અને સ્થિરતા થી કામ કરો.

દરેક મનુષ્યમાં દૃષ્ટિકોણ, વિચાર, અનુભવ, અભ્યાસ, જ્ઞાન, સ્વાર્થ, શોખ અને સંસ્કાર જુદા જુદા હોય છે. એટલા માટે દરેકનું વિચારવાનું સરખું હોતું નથી. આ હકીકતને સમજીને બીજા પ્રત્યે સહનશીલ બનવું જોઇએ.

સંસારમાં બધા જ પ્રકારના માણસો છે મૂર્ખ-જ્ઞાની, રોગી-નીરોગી, પાપી-પુણ્યશાળી, કાયર-વીર, ખરાબ ભાષી-નમ્ર, ચોર-ઈમાનદાર, નિંદનીય-આશાસ્પદ, સ્વધર્મી-વિધર્મી, દયાવાન-શિક્ષાપાત્ર, નિરસ-સરસ, ભોગી ત્યાગી, જેવા વિરુદ્ધ પ્રકૃતિના માણસો રહેલા છે. તેમની પરિસ્થિતિ મુજબ તેઓની સાથે વાતચીત  વ્યવહાર અને સહયોગ કરવો. તેમની સ્થિતિને આધારે તેમના માટે શક્ય હોય તેની સલાહ આપો બધાની સાથે સરખો વ્યવહાર થઈ શકતો નથી અને બધા એક માર્ગ જ પર ચાલી શકતા નથી. આ બધી વાતો "ગો" શબ્દ આપણને શિખવાડે છે.

ઇન્દ્રિયો આત્માના સાધનો, ઘોડા અને સેવકો છે. પરમાત્માએ એમને એટલા માટે આ આપ્યા છે કે તેની સહાયથી આત્માની જરૂરિયાતો પૂરી થાય અને સુખ મળે.

અનિયંત્રિત ઇન્દ્રિયો સ્વાભાવિક અને જરૂરી મર્યાદાનું ઉલ્લંઘન કરીને એટલી સ્વેચ્છાચારી અને બેકાબૂ બની જાય છે કે તે સ્વાસ્થ્ય અને ધર્મના માટે સંકટ પેદા કરીને પણ મનમાની કરે છે. આજકાલ મોટાભાગના લોકો આ પ્રકારની ઇન્દ્રિયના ગુલામ છે. તેઓ પોતાની વાસના પર કાબૂ રાખી શકતા નથી. બેકાબૂ બનેલી બનેલી વાસના તેના સ્વામીને ખાઈ જાય છે.

ગાયત્રીનો "દે" અક્ષર આત્માના નિયંત્રણનો આદેશ આપે છે. વશમાં રાખેલ ઇન્દ્રિયોથી વધીને સાચો મિત્ર તથા અનિયંત્રિત ઇન્દ્રિયોથી વધીને મનુષ્યનો શત્રુ બીજો કોઈ નથી.

મલિનતા આંધળા વિકાસનું પ્રતીક છે. આળસ અને દરિદ્રતા, પાપ અને પતન જ્યાં રહે છે ત્યાં મલિનતા કે ગંદકી વસે છે. જેઓ આ પ્રકૃતિના છે તેમના વસ્ત્ર,

ઘર,સામાન, શરીર મન બધામાં ગંદકી અને ગેરવ્યવસ્થા રહેલી હોય છે તેનાથી ઊલટું જયાં ચેતના, જાગૃતિ, સુરુચિ, સાત્વિકતા હોય છે ત્યાં સૌ પ્રથમ સ્વચ્છતા બાજુ ધ્યાન જાય છે. સફાઈ, સાદગી, સજાવટ, વ્યવસ્થાનું નામ જ પવિત્રતા છે.

ગાયત્રીનો "વ" અક્ષર સ્વચ્છતાનો સંદેશ આપે છે. સ્વચ્છ શરીર, સ્વચ્છ વસ્ત્ર, સ્વચ્છ ઘર, સ્વચ્છ સામન, સ્વચ્છ આચરણ, સ્વચ્છ વિચાર, સ્વચ્છ વ્યવહાર રૂપી સ્વચ્છતા જેમનામાં રહેલી છે તે પવિત્ર આત્માવાળો મનુષ્ય વિષ્પાપ જીવન વિતાવી પુણ્ય ગતિને પામે છે.

લોક વ્યવહારના ત્રણ માર્ગો છે - (૧). અર્થ- જેમાં બન્ને પક્ષ સરખી રીતે આપલે કરે છે એને વેપાર, નોકરી, કિંમત-વિનિમય વગેરે કહે છે. (૨). સ્વાર્થ - બીજાને નુકસાન પહોંચાડીને પણ પોતે લાભ મેળવવો. (૩) પરમાર્થ - પોતે નુકસાન વેઠીને પણ બીજાને લાભ પહોંચાડવો.

પરમાર્થ ધર્મ કાર્ય છે, એનાથી આપણો ત્યાગનો, ઉદારતાનો, લોકહિતનો અભ્યાસ વધે છે અને આત્મકલ્યાણનો ધર્મ માર્ગ ઉત્તમ બને છે તેનાથી બીજાને લાભ થવાથી તે ખુશ થઈને ઉપકાર, પ્રશંસા તથા આદર કરે છે.

ગાયત્રીનો "સ્ય" શબ્દ મોક્ષ માટે પ્રેરણા આપે છે. દરેક મનુષ્યનું કર્તવ્ય છે કે પૈસા કમાતી વખતે સ્વાર્થથી બચે અને મોક્ષ માટે બને તેટલો પ્રયત્નશીલ રહે.

જીવનની આઠ દિશા છે - (૧). સ્વાસ્થ્ય બળ, (૨). વિદ્યા બળ, (૩) ધન બળ, (૪). મિત્ર બળ, (૫). પ્રતિષ્ઠા બળ, (૬). ચાતુર્ય બળ, (૭) સાહસ બળ, (૮) આત્મબળ. આ આઠે નો યોગ્ય માત્રામાં સંચય થવો જોઇએ. જીવન યુદ્ધના આ આઠ મોરચાને સાવધાની સાથે યોગ્ય રાખવા જોઇએ. જયાં પણ ભૂલ થશે, ત્યાંથી શત્રુ નું આક્રમણ થશે અને હારવાનો ભય રહેશે.

ગાયત્રીનો -ધી- શબ્દ આપણને સજાગ કરે છે કે આઠે બળ વધારો. આઠે મોરચા પર સજાગ રહો, આઠ ભુજા વાળી દુર્ગાની ઉપાસના કરો, આઠે દિશાની ચોકી કરો, તો જ સર્વાંગી પ્રગતિ થશે.

સર્વાંગી પ્રગતિ જ સ્વસ્થ પ્રગતિ છે નહીંતર કોઈ એક અંગને વધારવું અને બીજાં અંગોને દુર્બળ રાખવા તે બુદ્ધિયુક્ત વાત નથી.

પરમાત્માનો નિયમ ન્યાયકારી છે. સૃષ્ટિમાં તેના મુખ્ય કાર્યો પણ બે છે - (૧) સંસારને નિયમબદ્ધ રાખવો, (૨). કર્મોનું ન્યાયયુક્ત ફળ આપવું. આ બે મુખ્ય કાર્યોને સમજીને જે પોતે નિયમો બનાવે છે. પ્રકૃતિના કઠિન નિયમોને ધ્યાનમાં લે છે. સામાજિક, રાજકીય, ધાર્મિક, લોકહિત ના કાયદા કાનૂનને માને છે, તે એક પ્રકારે ઈશ્વરને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરે છે. જે પસીનો વહેવડાવશે, પરિશ્રમ કરશે, પુરુષાર્થ, ઉદ્યોગ અને કુશળતા વાપરશે તેને તેના પ્રયત્નો મુજબ સાધના સામગ્રીમાં સફળતા મળશે.

ગાયત્રીનો "મ" અક્ષર ઈશ્વરની ઉપાસનાના રહસ્ય નું સ્પષ્ટીકરણ કરે છે અને બતાવે છે કે ઈશ્વરના નિયમ અને ન્યાયમાં ધ્યાન રાખીને આપણે સત્ય માર્ગ પર ચાલીએ.

દેશ, કાળ, પાત્ર, અધિકાર અને પરિસ્થિતિ મુજબ માનવ જાતિની વ્યવસ્થા અને સુવિધા માટે જુદા જુદા પ્રકારના નિયમો, ધર્મના આદેશો, કાનૂન અને પ્રથાઓનું નિર્માણ તથા અનુસરણ થાય છે. પરિસ્થિતિઓના પરિવર્તનની સાથે સાથે આ પ્રથાઓ અને માન્યતાઓમાં પરિવર્તન થાય છે. સમાજના સારા સંચાલન માટે પ્રથાઓ માનવ જાતની સુવ્યવસ્થા માટે બનાવી છે. એવું નથી કે પ્રથાઓને અપરિવર્તનશીલ, સમજીને સમાજ અને જાતિ માટે તેને અટલ માનવામાં આવે.

ગાયત્રીનો -"હિ" અક્ષર કહે છે કે મનુષ્ય સમાજનું હિત ધ્યાનમાં લઈને દેશ, કાળ અને વિવેક  અનુસાર પ્રથાઓને અને પરંપરાને બદલી શકાય છે. આજે હિન્દુ સમાજમાં એવી અસંખ્ય પ્રથાઓ પ્રચલિત છે જેને બદલવાની આજે સૌથી વધુ જરૂરિયાત છે.  જીવન અને મૃત્યુનાં રહસ્યોને વિવેકપૂર્વક ગંભીરતાથી સમજવા જરૂરી છે. મૃત્યુ કોઈ ડરવાની બાબત નથી, પણ તેને ધ્યાનમાં રાખવું જરૂરી છે. ખબર નહીં ક્યારે મૃત્યુ સામે આવે અને જવાની તૈયારી કરવી પડે એટલા માટે જે સમય છે તેનો સારામાં સારો ઉપયોગ કરવો જોઇએ.

યૌવન, વગેરે અસ્થિર છે. નાના રોગ કે ઈજાથી તેનો વિનાશ થઈ શકે છે, તેટલા માટે તે જો અહંકાર ન કરત અને દુરુપયોગ ન કરીને એવા કાર્યો કરવા જેનાથી ભવિષ્યમાં સુખશાંતિ વધે.

ગાયત્રીનો "વિ" અક્ષર જીવન અને મૃત્યુનાં સત્યને સમજાવે છે. જીવનને એવી રીતે વિતાવો કે જેનાથી મૃત્યુ વખતે પ્રાશ્ચાત્તાપ ન થાય. જે વર્તમાનને બદલે ભવિષ્યને ઉત્તમ બનાવવા પ્રયત્નશીલ છે, તે જીવન અને મૃત્યુ નું રહસ્ય સારી રીતે જાણે છે.

વ્યસનો મનુષ્યના પ્રાણઘાતક દુશ્મનો છે, વ્યસન મિત્ર રૂપે શરીરમાં પ્રવેશે છે અને શત્રુ બની તેને મારે છે. માદક પદાર્થો વ્યસનોમાં મુખ્ય છે. તમાકુ, ગાંજો, ચરસ, ભાંગ, અફીણ, શરાબ જેવા માદક દ્રવ્યો એક એકથી વધારે નુકસાનકારક છે. તેનાથી ક્ષણિક ઉત્તેજના થાય છે. જેમના જીવનની શક્તિ ક્ષીણ ને દુર્બળ થઈ છે તે પોતાને શિથિલ અને અશક્ત માને છે. તેનો ઉપચાર આહાર-વિહારમાં કુદરતી રીતે અનુકૂળ પરિવર્તન કરીને ભેગી કરવાની વૃત્તિથી કરવો જોઇએ. પરંતુ ભટકેલા મનુષ્યો બીજો માર્ગ અપનાવે છે.

ગાયત્રીનો "યો" અક્ષર વ્યસનોથી દૂર રહેવાનો આદેશ આપે છે. કેમ કે વ્યસન જ શરીર અને મન બંનેનો નાશ કરવાવાળું છે. વ્યસની માણસની પ્રવૃત્તિઓ પડતીના માર્ગ તરફ લઈ જાય છે.

હંમેશા જાગૃત રહો કેમ કે સૂતેલા મનુષ્ય પર દુશ્મનો ચોક્કસ આક્રમણ કે છે. અસાવધાની, આળસ, બેપરવાહી, ટૂંકી દૃષ્ટિ એવી ભુલો છે જેને અનેક આપત્તિઓની જનની કહી શકાય છે. બેપરવાહ વ્યક્તિ પર ચારે તરફથી હુમલા થાય છે.

જે સ્વાસ્થ્ય ના રક્ષણ માટે જાગૃત નથી, તેને વારેઘડીએ બીમારીઓ આવશે, જે રોજ આવવા વાળા ઢાવ- ઉતારથી અજાણ છે તે ક્યારેક દેવાળિયો બનશે. જે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ જેવા માનસિક શત્રુઓની પ્રવૃત્તિઓ સામે આંખ આડા કાન કરશે તે કુવિચારો અને કુકર્મોની ખાઈમાં પડ્યા વિના નહીં રહે.

ગાયત્રીનો "ન"અક્ષર આપણને સાવધાન કરે છે કે હોશિયાર રહો, સાવધ રહો, જાગૃત રહો જેથી શત્રુઓના આક્રમણનો ભોગ ના બનવું પડે.

પોતાની વાત, વ્યવહાર, રિવાજ, માન્યતા, અને અક્કલને જ સાચી માનવી અને બીજા બધા માણસોને મૂર્ખ, ભટકેલા, બેઇમાન કહેવા તે અનુદારતા નું લક્ષણ છે. પોતાના લાભ માટે સમગ્ર દુનિયાનું નુકસાન થાય તો થયા કરે તેવી નીતિ સંકુચિત મનુષ્યોની હોય છે. તેઓ ફક્ત તેમની ઇચ્છા અને સુવિધાઓને સર્વોપરી માને છે. બીજાના દુઃખ અને આપત્તિની જરાય પરવાહ કરતાં નથી.

ગાયત્રીનો "પ્ર" અક્ષર કહે છે કે બીજાની ભૂલો અને ખામીઓ માટે કઠોર નહીં, ઉદાર બનવું તેમની યોગ્ય ઇચ્છાઓ, જરૂરિયાતો અને માંગણીઓ પ્રત્યે આપણે સહાનુભૂતિ રાખવી જોઇએ. આમ  વિચારીને ઉદાર દૃષ્ટિ રાખીને તેમની સાથે વ્યવહાર કરવો જોઇએ અને મતભેદો ને સંઘર્ષ નું કારણ ન  બનાવતા જેટલી એકતા થાય તેને પ્રેમનું નિમિત્ત બનાવવું જોઇએ.

જે લોકો સાચી દિશામાં તેમની પ્રગતિ કરવા ઇચ્છે છે તેઓ પોતાને સારા વાતાવરણમાં રાખે, સારા લોકોને પોતાના મિત્રો બનાવે, તેમનાથી જ તેમનો વેપાર, વ્યવહાર અને સંબંધ રાખે. શક્ય બને તો સલાહ, ઉપદેશ અને માર્ગદર્શન તેમની પાસેથી મેળવે.

આ પ્રકારની સ્થિતિમાં રહેવાથી પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપે એવો જ પ્રભાવ પોતા ઉપર પડશે અને તે દિશામાં જવા માટે પ્રેરણા મળે છે. કુસંગ, અને ખરાબ વાતાવરણમાં રહેવાને કારણે મલિનતા વધે છે. એટલે ત્યાંથી દૂર રહેવું યોગ્ય છે.

જેમ બને તેમ સારા માણસો સાથે સંપર્ક વધારવા ઉપરાંત સારાં પુસ્તકોનું વાંચનપણ તેટલું જ ઉપયોગી છે. ગાયત્રીનો "યો" અક્ષર સત્સંગનું મહત્વ બતાવે છે અને તેના માટે પ્રયત્નશીલ રહેવાનો ઉપદેશ આપે છે.

મનુષ્ય શરીર નાશવંત અને તુચ્છ છે. તેના હાનિ લાભ તુચ્છ અને મહત્ત્વહીન છે, પણ તેનો આત્મા ઈશ્વરનો અંશ હોવાથી મહાન છે. તેનો મહિમા અને મહત્તા એટલી મોટી છે કે કોઈનાથી તેની તુલના નથી થઈ શકતી. મનુષ્ય ગૌરવ તેના શરીરના લીધે નહીં પણ આત્માની વિશેષતા ને લીધે છે. જેનો આત્મા જેટલો મોટો હોય તે તેટલો મોટો મહાપુરુષ કહેવાય છે. જે કાર્યોથી આપણી પ્રતિષ્ઠા, ઇજ્જત, સન્માન, આદર, શ્રદ્ધા વધે છે તે આત્મ ગૌરવને વધારવાવાળા છે. પ્રતિષ્ઠા સૌથી મોટી સંપત્તિ છે.

ગાયત્રીનો "ઙ" અક્ષર આત્મ સન્માનના રક્ષણ માટે અને આત્મ હાનિ ને રોકવા માટે મોટામાં મોટો ત્યાગ કરવા માટે પણ ખચકાટ ન કરવો જોઇએ તેમ કહે છે. જેની પાસે આત્મ ધન છે, તે જ વાસ્તમાં સૌથી મોટો ધનવાન છે. જેમના હાથમાં વ્યવસ્થા, શાસન અને પ્રભુત્વ નું બળ હોય છે તેઓ તેનો યોગ્ય ઉપયોગ કરતાં નથી. ઢીલ, શિથિલતા, લાપરવાહી પણ એવી જ ખરાબીઓ છે, જેવું સ્વાર્થીપણું અને અનુચિત લાભ ઉઠાવવાની નીતિ છે. તેનું પરિણામ ખરાબ જ આવે છે. હંમેશાં પુત્ર, શિષ્ય, સ્ત્રી, પ્રજા, સેવક વગેરે બધા ખરાબ થવાના, અવગણના કરવાના, શિસ્તહીન બનવાના ઉદાહરણ બહું સાંભળવા મળે છે. આ ખરાબીઓ માટે જવાબદાર પિતા, ગુરુ, પતિ, શાસક, સ્વામી પણ છે, કેમ કે વ્યવસ્થા શક્તિ તેમના હાથમાં હોય છે.

ગાયત્રીનો "યો" અક્ષર પિતાના-પુત્રમાં, મોટા-નાનામાં સારા સંબંધો રાખવાના ઉપાયો બતાવે છે કે બન્ને તરફથી કર્તવ્ય નું દૃઢતા પાલન થાય. વડીલ વર્ગ નાના પક્ષને સંભાળવા માટે વધારે સાવધાની અને ઉદારતા રાખે.

દરેક મનુષ્ય ઇચ્છે છે કે બીજા લોકો તેની સાથે નમ્રતાથી બોલે, સારો વ્યવહાર કરે, તેની કોઈ વસ્તુ ચોરે નહીં, દુઃખ પડે તો સહાય કરે, ઈમાનદારી થી વર્તે, કોઈ ભૂલ થાય તો સહન કરે, માર્ગમાં અંતરાય ઊભો ન કરે, તેની બહેન બેટી પર ખરાબ દૃષ્ટિ ન કરે તથા સમય આવે ઉદારતા અને સહયોગની ભાવનાનો પરિચય આપે જ્યારે આપણે બીજા પાસેથી આવા વ્યવહારની આશા રાખીએ તો આપણે પણ બીજા સાથે આવો વ્યવહાર કરીએ.

જો આપણે ખરાબ બનીશું તો સામે નાના મન પર તેની અસર થશે, પ્રતિક્રિયા થશે અને તેમનામાં પણ તેવા વિચારો અને વ્યવહારો ઉત્પન્ન થશે.

ગાયત્રીનો અંતિમ અક્ષર "ત્" શાસ્ત્રકારોની (આત્મનઃપ્રતિફાલનિ પેરષાં ન સમાચરેત) ની ઉક્તિ જાહેર કરે છે. તેને કાર્યમાં લાવવું ગાયત્રીના શિક્ષણ માટે મહત્વનું કામ છે.

ગાયત્રી સદ્બુદ્ધિનું પ્રતીક છે. ગાયત્રી માનવતાની પ્રતીક છે. ગાયત્રી સત્ય અને સાત્વિકતાનું પ્રતીક છે. ગાયત્રી ઉદારતા, પ્રેમ, સદ્ભાવ, સહાનુભૂતિ, ભાઈચારો, સેવા, સંયમ, અને સત્યતરિત્રતાનું પ્રતિનિધિત્વ કરે છે. આ તત્વોને હૃદયમાં ઉતારવાથી ગાયત્રી માતાની સાચી પૂજા કરીએ છીએ, આ ગુણોને અપનાવવાથી તેમની કૃપા આપણને પ્રાપ્ત થાય છે. અસુરતાથી દૂર કરી દેવત્વ વધારવા વાળી પ્રવૃત્તિ, ભાવના, વિચારો અને પ્રેરણાને 'ગાયત્રી' કહી શકાય. આ પરમ કલ્યાણકારી અખંડ શાંતિવાળી આધ્યાત્મિક પ્રેરણાને અપનાવવી તે ગાયત્રીની ભક્તિ છે. જે રીતે માથા પર રાખે શિખા હિંદુત્વનું પ્રતીક છે. તે પ્રમાણે મનુષ્યનું દેવત્વ ગાયત્રીનું પ્રતીક છે.

ભારતીય સંસ્કૃતિમાં જે મહાન તત્વો છે, જે આધ્યાત્મિક સંદેશ અને શિક્ષણ છે તેનું પ્રતિનિધિત્વ ગાયત્રી કરે છે. સમગ્ર નારી જાતિને માતા તેમજ પુત્રી સ્વરૂપે જોવી, તેમના પ્રત્યે સારી ભાવના રાખવી, તેમને વધારે માન આપવું અને વધારે પવિત્ર તેમજ સારો વ્યવહાર દાખવવો, ઈશ્વરને નારી રૂપે જોવા તે ગાયત્રીની ઉપાસનાનો દૃષ્ટિકોણ છે. આ દૃષ્ટિકોણમાં ઉપેક્ષિત નારીજાતિને કાલ માટે પૂર્ણ રીતે વિકસિત થવાની શક્યતાઓ રહેલી છે. આ દૃષ્ટિકોણમાં પતિવ્રત, પત્નીવ્રત, બ્રહ્મચર્ય, સંયમ, સદાચાર, પવિત્રતા, સંતતિનિયમન જેવી આશાજનક ભાવનાઓ છુપાયેલી છે.

વસ્તુઓ, વૈભવ અને ધનથી મનુષ્યની મહાનતા માપવા કરતા આંતરિક ગુણોથી મનુષ્યની મહાનતાને માપવાનો ગાયત્રીનો દૃષ્ટિકોણ છે.

સાર્વભોમ માનવધર્મ, સર્વમાન્ય નીતિ નિયમો અને સર્વપ્રિય સારા વ્યવહારનો જે નિચોડ છે, તે જ ગાયત્રી છે. એ ઈશ્વરના મુખમાંથી સ્વયં પ્રગટેલી પ્રથમ ઋચા (શ્લોક) છે.

ભારતની પ્રાચીન શિક્ષણ પદ્ધતિમાં 'સૂત્રવાદ' ની વિશેષતા છે. ખૂબ જ મોટી વાતોને ટૂંકાણમાં કહી છે. આ વિષયના જિજ્ઞાસુઓ તે સૂત્રોના ભાવાર્થો અને મંતવ્યો અને ગંભીરતાથી વિચારીને તેના વિશાળ અર્થોને સમજતાં હતા.

પ્રાણ શક્તિના અભાવ થી મનની પણ ખરાબ હાલત થઈ જાય છે, ભય કે ખરાબ થવાની શંકાઓ અકારણ મનમાં ઉદ્ભ વે છે, એવું લાગે છે કે કોઈ આપત્તિ ન આવી જાય, ક્યાંય અમુક સંકટ ના આવે. કોઈ મુશ્કેલી સાચે જ આવે છે ત્યારે તો તેમની ખરાબ હાલત પેદા થાય છે, વારેઘડીએ દિલ ધડકે છે, રાત્રે ઊંઘ નથી આવતી, એવો અનુભવ થાય છે કે તેને કોઈ ખરાબ રીતે કચડી રહ્યું છે. કાયરતા અને નિરાશા તેને ઘેરી વળે છે. જે કામ કરવાનું વિચારે છે તેમાં નિષ્ફળતા મળે છે. દુનિયામાં બધા માણસો તેને સ્વાર્થી, ધૂર્ત, બેવકૂફ અને દુશ્મન લાગે છે. કોઈની સચ્ચાઈ સદાશયતા અને સદ્ભાવના પર વિશ્વાસ બેસતો નથી. ખરાબ સ્વપ્ન, અભરાઈ જવું, ચિંતાતુર બનવું, ધૈર્ય ખોવું, નાસ્તિક બનવું જેવી વાત પ્રાણશક્તિ ઘટવાથી થાય છે.

જીવનનો સાર પ્રાણ છે, કેમ કે બધા જે પ્રકારની ભૌતિક શક્તિઓ પ્રાણની અંતર્ગત રહે છે. જેનો પ્રાણ જેટલો સબળ છે, વધુ છે, સુરક્ષિત છે, તે તેટલો જ પુરુષાર્થી અને શક્તિશાળી છે અને પોતાના પ્રયત્નથી તે બધી જ વાતો મેળવશે જેનાથી તેને આંતરિક અને બાહ્ય સુખશાંતિ મળે છે.

આ બધી જ વાતો પર વિચાર કરવાથી પ્રગટ થાય છે કે જીવનનો સાર પ્રાણ છે. આ પ્રાણ સ્વાભાવિક રીતે પરમાત્માને આપણને વધુ પ્રમાણમાં આપ્યો છે. પ્રાણનો ખૂબ જ ભંડાર આપણી ચારે બાજુ લહેરાય રહ્યો છે. તેમાંથી ગમે તે રીતે આપણે આપણા માટે જોઇએ તેટલું ગ્રહણ કરી શકીએ છીએ. ઐતરેય બ્રાહ્મણમાં કહેવામાં આવ્યું છે કે ગાયત્રી પ્રાણોનું રક્ષણ કરે છે. ગાયત્રી પ્રાણોનું રક્ષણ કરે છે અને અંગેના બીજાં અનેક પ્રમાણો પણ ઉપલબ્ધ છે.